આરબીઆઈ બેંકોના પુનઃ મૂડીકરણ (recapitalisation) યોજના નું સ્વાગત કરે છે

સારી મૂડીગત બેંકિંગ પ્રણાલી અને સામાન્ય રીતે, નાણાકીય મધ્યસ્થી ની પ્રણાલી, સ્થિર આર્થિક વૃદ્ધિ માટે ની પૂર્વ-આવશ્યકતા છે. આર્થિક ઈતિહાસે આપણને વારંવાર બતાવ્યું છે કે તંદુરસ્ત બેન્કો જે તંદુરસ્ત કંપનીઓ અને ઋણકર્તાઓને ધિરાણ આપે છે, ફક્ત તેઓ જ રોકાણ અને નોકરીઓ ઊભી કરવા માટે સુદ્રઢ વાતાવરણ નું નિર્માણ કરે છે. ભારતની બૅન્કિગ પ્રણાલીના સ્વાસ્થ્યને પુનઃસ્થાપિત કરવા માટે ના ભારત સરકારનું (આ) નિર્ણાયક પેકેજ, ભારતીય રિઝર્વ બેન્ક ના મત મુજબ, દેશના આર્થિક ભાવિની સલામતી માટે એક મહત્ત્વપૂર્ણ પગલું છે. છેલ્લા દાયકામાં પ્રથમ વખત, બેન્કિંગ ક્ષેત્રના પડકારોનો સામનો કરવા માટે હવે આપણી પાસે એક વાસ્તવિક તક છે કે જેમાં થાગડથીગડ વ્યૂહરચના ની જગ્યાએ એક સર્વગ્રાહી અને સુસંગત વ્યૂહરચના હશે. અમને લાગે છે કે તંદુરસ્ત મેક્રોઈકોનોમિક સ્થિતિ ના સમયે લેવામાં આવેલું આ પગલું અર્થતંત્ર ના અન્ય ક્ષેત્રો માટે સારો સંકેત આપે છે.

બેન્કિંગ સેક્ટર માટે સૂચિત પુનઃ મૂડીકરણ (રિપેટિટલાઈઝેશન) પેકેજ ઘણા ઇચ્છનીય લક્ષણો નો સમાવેશ કરે છે. પ્રથમ તો, રિકેપિટલાઈઝેશન બોન્ડ ના ઉપયોગ દ્વારા પ્રત્યક્ષ રીતે મૂડી દાખલ થશે, સાથે સાથે સમય જતાં તેની પ્રત્યક્ષ રાજકોષીય અસરો દેખાશે. ખરે ખર તો, રિપકેપીટલાઈઝેશન બોન્ડ સરકાર માટે વ્યાજ ખર્ચ સિવાય તરલતા (liquidity) તટસ્થ હશે, જે વાર્ષિક રાજકોષીય ખાધના આંકડામાં ફાળો આપશે. બીજું, તે જાહેર ક્ષેત્રની બેન્કોના ખાનગી શેરહોલ્ડરોની ભાગીદારીને સામેલ કરશે જેમાં મૂડીની તે જરૂરીયાતો બજાર ભંડોળ દ્વારા પૂર્ણ કરવાનું જરૂરી રહેશે. છેલ્લું પરંતુ અગત્યનું, કે તે પ્રમાણબદ્ધ (કેલિબ્રેટેડ) અભિગમ માટે પરવાનગી આપશે, જે બેન્કોએ તેમના બેલેન્સ શીટ ના પ્રશ્નો ને સારી રીતે ઉકેલ્યા છે અને એવી સ્થિતિ માં છે કે નવી દાખલ કરાયેલ મૂડી નો ઉપયોગ તાત્કાલિક ક્રેડિટ સર્જન ને માટે અગ્રતા આપી શકે છે જ્યારે અન્યો (તેનો ઉપયોગ) તેમના (સારી બેન્કો) જેવી સ્થિતિ માં પહોચવા માટે કરી શકશે. પાછલા રીકેપિએટલાઇઝેશન પ્રોગ્રામ્સની તુલનામાં આ યોજના બજારના શિસ્તને જાહેર રીકેપેટિએશન પ્રોગ્રામમાં લાવવાનો સારો માર્ગ પૂરો પાડે છે.

નાણાકીય ક્ષેત્રની નીતિઓ એ નાણાકીય સ્થિરતા જાળવી રાખવા સાથે વૃદ્ધિને ટેકો આપવી જોઈએ. ભારતીય રિઝર્વ બેન્ક વતી, હું સરકારની આ દિશામાં તેના નીડર પગલાઓ માટે પ્રશંસા કરું છું, જેની શરૂઆત દેવાળિયાપણું અને નાદારી કોડના અમલીકરણથી થાય છે, જે અન્ડરલાઈંગ કોર્પોરેટ તણાવને ઉકેલવામાં મદદ કરે છે અને ગઈકાલે જાહેર ક્ષેત્રની બેંકોની રિકેપીટલાઇઝેશનની જાહેરાતમાં પરિણામે છે. વ્યાપક રીતે ભારતીય અર્થતંત્રના લાભ માટે આ યોજનાઓ તેમની કુદરતી પૂર્ણતા સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા માટે આરબીઆઈ સરકાર સાથે કામ કરવા આતુર છે.

(ઉર્જિત આર. પટેલ)
ગવર્નર